# Press Report of News Paper on Cadaver Organ Donation from Surat



## Cadaver Organ Donor

# Lt. Ramdevi Kantilal Chopda

### He Donated: Kidneys, Liver & Eyes

### Date:- 17/03/2018

DONATE LIFE™
an initiative for organ donation

# जैन श्वेतांबर समाज की ब्रेनडेड महिला के अंगों का दान करने से पांच लोगों को मिला नया जीवन



लोकतेज संवाददाता

सूरत। जैन श्वेतांबर समाज की ब्रेनडेड महिला के परिवारजनों द्वारा अंगदान करके पांच अन्य लोगों के जीवन में खुशियां बांटने के साथ समाज को नयी दिशा प्रदान की है। अलथाण सोहम सर्कल के पास सोहम रेसीडेन्सी कि निवासी रमादेवी कांतीलाल चोपडा उम्र 62 की सासूजी वनीदेवी का 7 मार्च को अवसान होने पर अंतिमक्रिया के बाद 8 मार्च को स्नान करते समय रमादेवी का प्रेशर अचानक कम होने के साथ बेहोश हो गयी। महावीर अस्पताल में चिकित्सा के दौरान न्यूरोसर्जन द्वारा रमादेवी को ब्रेनडेड घोषित किया। अस्पताल के चिकित्सक एवं डोनेट लाइफ संस्था के अध्यक्ष निलेश मांडलेवाला के समझाने के बाद परिवार रमादेवी के अंगों का दान करने तैयार हुआ। रमादेवी बहुत ही सेवाभावी और धार्मिक स्वभाव के होने से परिवार के सभी सदस्यों ने डोनेट लाइफ और अंगदान के प्रति जागृत थे। ब्रेनडेड रमादेवी के अंगदान से पांच अन्य जरूरतमंद लोगों को नया जीवन मिला। इसी के साथ श्वेतांबर जैन समाज को अंगदान की नयी दिशा प्रदान की।

# रमादेवी के अंगों का दान, 5 को मिल सकेगा जीवनदान

सिटी रिपोर्टर | सूरत

अलथाण के सोहम रेसीडेंसी निवासी जैन श्वेतांबर समाज की एक महिला को ब्रेनडेड घोषित करने के बाद परिजनों द्वारा उनके अंग का दान करके पांच लोगों को नया जीवन प्रदान किया। अलथाण सोहम सर्कल सोहम रेसीडेंसी निवासी जैन श्वेतांबर समाज के चोपड़ा परिवार की रमादेवी कांतिलाल चोपड़ा (62) 8 मार्च को स्नान करने के लिए जाते समय अचानक प्रेशर बढ़ गया और बेहोश हो गई थीं, जिनको इलाज के लिए महावीर अस्पताल में भर्ती किया गया था। जहां पर इलाज शुरू हुआ और सीटी स्कैन कराने पर पता चला कि दिमाग की नस फटने के कारण ब्रेन हेमरेज हो गया और खून के थक्के जम गए हैं। डॉ. आशित देसाई ने इलाज शुरू करके जमा हुए खून के कतरे को दूर कर दिया, लेकिन गत शुक्रवार को डॉ. परेश झाझमेरा और डॉ. रवि वटियानी ने रमादेवी को ब्रेनडेड करार दिया। जानकारी होने पर डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला ने परिवार से संपर्क किया। जहां रमादेवी के पति, पुत्रों और अन्य परिजनों को आर्गन डोनेशन के महत्व को समझाया। परिजन भी अंगदान करने के लिए सहमत हो गए। सहमति मिलने के बाद अहमदाबाद की इंस्टीट्यूट आफ किडनी डिसेज एंड रिसर्च सेंटर से नीलेश मांडलेवाला ने संपर्क किया। जहां से डॉक्टरों की टीम आकर किडनी और लीवर को सुरक्षित निकाला, जबकि आंख लोकदृष्टि बैंक को दिया। किडनी सूरत के रहने वाले सागर जयेन्द्र ओभलिया (38) और दूसरी किडनी मध्य प्रदेश के धार निवासी सुनीता अरुण शर्मा (47) में और लीवर बोरसद निवासी योगेश धीरूभाई धोबी (48) में अहमदाबाद के चिकित्सकों द्वारा ट्रांसप्लांट की गई है।

# अंगदान से तीन को नई जिंदगी

पत्रिका न्यूज़ नेटवर्क

patrika.com

**सूरत.** जैन श्वेताम्बर समाज की रमादेवी चोपड़ा को ब्रेन डेड घोषित करने के बाद परिजनों के अंगदान के निर्णय से तीन लोगों को नई जिंदगी मिली है।

डोनेट लाइफ के प्रमुख नीलेश मांडलेवाला ने बताया कि अलथाण सोहम रेजिडेंसी निवासी रमादेवी कांतिलाल चोपडा (62) 8 मार्च को बेहोश हो गई थी। अस्पताल में उसके मस्तिष्क की नसें फटने का पता चला। 16 मार्च को चिकित्सकों ने उसे ब्रेन



डेड घोषित कर दिया। परिजनों ने अंगदान करने का निर्णय करते हुए डोनेट लाइफ से संपर्क किया और किडनी, लीवर तथा चक्षुओं का दान किया।

एक किडनी सूरत निवासी सागर जयेन्द्र ओर्भालिया (38) और दूसरी मध्यप्रदेश धार निवासी सुनीता अरुण शर्मा (47) में तथा लीवर बोरसद निवासी योगेश धीरू धोबी (48) में ट्रांसप्लांट किया गया।

# જૈન શ્વેતાંબર સમાજના બ્રેઈન ડેડ મહિલાના અંગદાનથી પાંચ વ્યક્તિઓને નવુ જીવન મળ્યું

## ચોપડા પરિવારે વૃદ્ધાનું અંગદાન કરી માનવતાની મહેક પ્રસરાવી

**સુરત, તા.૧૭**

સોહમ રેસીડેન્સી, સોહમ સર્કલ, અલથાણ, સુરત ખાતે રહેતા રમાદેવી કાંતીલાલ ચોપડા (ઉ. વ.૬૨) નું અંગદાન કરી ચોપડા પરિવારે પાંચ વ્યક્તિઓને નવું જીવન આપ્યું હતું.



નિવૃત્ત જીવન ગાળતા કાંતીલાલ કેસરીચંદ ચોપડા (ઉ.વ. ૬૭)ના પત્ની રમાદેવી સાહુજીની અંતિમ ક્રિયામાં ભાગ લેવા ગયા હતા ત્યારે એકાએક પ્રેશર વધી જવાને કારણે તેઓ બેહોશ થઈ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં લઈ જવાતા બ્રેનહેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ૧૬ માર્ચના રોજ રમાદેવીને બ્રેનડેડ જાહેર કરાયા હતા. આ બાબતની જાણ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાને કરાતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રાજેશની સાથે રહી રમાદેવીના પતિ કાંતીલાલ, પુત્રો કીર્તિકુમાર અને લોકેશકુમાર, પુત્રીઓ ભાવના, ચંદન, મીનાક્ષી, જમાઈઓ વિમલ અને અજયને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતનાં સાગર જયેન્દ્ર ઓબલીયા (ઉ.વ. ૩૮) અને બીજી કિડની ધાર, મધ્યપ્રદેશની સુનીતા અરુણ શર્મા (ઉ. વ. ૪૭)માં, જયારે લિવર બોરસદના યોગેશ ધીરુભાઈ ધોબી (ઉ.વ.૪૮)માં અમદાવાદની Institute of Kidney Discases and Research Centre (IKDRC)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૪૫ કિડની, ૯૯ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૦૮ ચક્ષુઓના દાન મેળવીને ૫૭૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# બ્રેઈનડેડ વૃદ્ધાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કર્યું

## બે કિડની સુરત અને મધ્યપ્રદેશના રહેવાસી તો લિવર બોરસદના યુવાનમાં ટ્રાન્સપ્લાન્ટ

હેલ્થ રિપોર્ટર| સુરત

શહેરના અલથાણમાં બ્રેઈનડેડ જાહેર કરાયેલા જૈન શ્વેતાંબર સમાજના રમાદેવી કાંતીલાલ ચોપડાને 16 માર્ચે બ્રેઈનડેડ જાહેર કરાયાં હતાં. તેમના પરિવારે રમાદેવીનાં કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યકતિઓને નવજીવન આપ્યું છે.

અલથાણમાં સોહમ સર્કલ પાસે સોહમ રેસીડેન્સીમાં રહેતા રમાદેવી કાંતીલાલ ચોપડા (ઉ.વ 62)ના સાસુજી વનીદેવીનું ગત 7 માર્ચના રોજ અવસાન થયું હતું. ગત 16 માર્ચના રોજ રમાદેવીને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. રમાદેવીના પરિવારજનોને ડોનેટ લાઈફ દ્વારા ઓર્ગન ડોનેશનની જાણકારી આપી મહત્વ સમજાવ્યું હતું. જેથી પરિવાર રમાદેવીના અંગદાન માટે તૈયાર થયાં હતા. જેથી રમાદેવીની કિડની પૈકી એક કિડની સુરતનાં રહેવાસી સાગર જયેન્દ્ર ઓભલિયા (ઉ.વ 38) અને બીજી કિડની ધાર (મધ્યપ્રદેશ)ના રહેવાસી સુનીતા અરૂણ શર્મા (ઉ.વ 47)માં જ્યારે લિવર બોરસદના રહેવાસી યોગેશ ધીરૂભાઈ ધોબી (ઉ.વ 48)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

# જૈન શ્વેતાંબર સમાજની મહિલાના અંગદાનથી પાંચ જણાને નવજીવન

સુરત, તા. ૧૭

જૈન શ્વેતાંબર સમાજના બ્રેઈનડેડ મહિલાની કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ જણાને નવજીવન બક્ષવામાં આવ્યું છે. ઘરમાં સ્નાન કરવા જતી વખતે અચાનક બેભાન થઈ ગયા બાદ હોસ્પિટલમાં દાખલ કરાતા તેઓ હોશમાં આવ્યાં નહોતા, અને ગઈકાલે બ્રેઈનડેડ ઘોષિત કરાતા તેમના અંગોનું દાન કરાયું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ અલથાણ ખાતેની સોહમ રેસિડેન્સીમાં રહેતા રમાદેવી કાંતીલાલ ચોપડા (ઉં. વ.૬૨)નું ગત તા. ૭મીએ અવસાન થયું હતું. તેમની અંતિમ ક્રિયા બાદ તેઓ બીજા દિવસે તેઓ સ્નાન કરવા માટે જઈ રહ્યાં હતા, ત્યારે અચાનક પ્રેશર વધી ગયા બાદ બેહોશ થઈ ગયા હતા. ત્યારબાદ તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સિટીસ્કેન સહિતની તપાસ કરાવાતા મગજમાં લોહી ફાટી જવાથી બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ગઈકાલે ન્યૂરોફિઝિશિયન ડો. પરેશ ઝાંઝમેરા સહિતના તબીબોની ટીમે તેમને બ્રેઈનડેડ ઘોષિત કર્યા હતા. રમાદેવીના દિયર રાજેશ કાવડિયાએ ડોનેટ લાઈફને જાણ કરતા તેમની ટીમ હોસ્પિટલમાં પહોંચી ગઈ હતી.

ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, તેમની ટીમે રમાદેવીના પતિ, બે પુત્રો અને ત્રણેય પુત્રીઓને અંગદાનનું મહત્ત્વ સમજાવતા તેઓ સહમત થયા હતા. દાનમાં મળેલી એક કિડની સુરતના સાગર જયેન્દ્ર ઓભલિયા (ઉં.વ.૩૮), બીજી કિડની મધ્યપ્રદેશ, ધારના વતની સુનિલ શર્મા (ઉં.વ.૪૭) અને લિવર બોરસદના યોગેશ ધોબી (ઉં.વ.૪૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

# જૈન સમાજના બ્રેઈનડેડ વૃધ્ધાના અંગદાનથી પાંચને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, શનિવાર

સાસુના મોત બાદ અલથાણના જૈન શ્વેતાંબર સમાજના વૃધ્ધાની અચાનક તબિયત બગડતા બ્રેઇનડેડ જાહેર કર્યા હતા. તેમના કિડની, લીવર અને ચક્ષુઓના દાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

## અલથાણના ૬૨ વર્ષીય રમાદેવી ચોપડા પ્રેશર વધી જતાં પડી ગયા બાદ બ્રેઈનડેડ જાહેર થયા હતા

અલથાણ સ્થિત સોહમ સર્કલ પાસે સોહમ રેસીડેન્સીમાં રહેતા રમાદેવી કાંતિલાલ ચોપડા (ઉ.વ. ૬૨) તેમના ૨ પુત્ર અને ૩ પુત્રી છે. તેમના પતિ નિવૃત્ત જીવન ગાળે છે. ગઇ તા. ૭મીએ રમાદેવીના સાસુજી વનીદેવીનું અવસાન થયું હતું અને તેમની અંતિમક્રિયા તા. ૮મી માર્ચે પૂર્ણ કરી રમાદેવી સ્નાન કરવા માટે ગયા હતા ત્યારે ત્યાં એકાએક પ્રેશર વધી જવાને કારણે તેઓ બેહોશ થઇ ગયા હતા. તેમને તાકીદે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

ગઇકાલે તેમને તબીબે બ્રેઇનડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઇફના નિલેશ માંડલેવાલાએ ઓર્ગન ડોનેટનું મહત્વ સમજાવતા પરિવારે તેમના અંગોના દાન કરવા તૈયારી દર્શાવી હતી. અમદાવાદની હોસ્પિટલની તબીબની ટીમે કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યું હતું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની સુરતના સાગર જયેન્દ્ર ઓખલીયા (ઉ.વ. ૩૮) અને બીજી કિડની મધ્યપ્રદેશના સુનીતા અરૂણ શર્મા (ઉ.વ. ૪૭)માં અને લીવર બોરસદના યોગેશ ચીકુભાઈ ધોબી (ઉ.વ. ૪૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 17th March 2018**

**245**
**KIDNEYS**
**99**
**LIVERS**
**6**
**PANCREAS**
**17**
**HEARTS**
**208**
**CORNEA**

**Which has given new lease of life &
vision to 572 persons across the country & globe**